# કર્ણાટક કેબિનેટનું આખરે વિસ્તરણ, ૨૮નો સમાવેશ

## કલંકિત સભ્યોને પ્રધાનમંડળમાં સામેલ ન કરાયા : મુખ્યમંત્રી અને કેપીસીસીના પ્રમુખની હાજરીમાં તમામને શપથ : અમ્બરિશ સહિત ૨૦ કેબિનેટ પ્રધાન તરીકે સામેલ

બેંગ્લોર, તા. ૧૮

કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદ મુખ્યમંત્રી તરીકે શપથ લઈ ચુકેલા સિદ્ધારામૈયાએ આજે પ્રધાન મંડળનું વિસ્તરણ કર્યુ હતુ. ૨૮ પ્રધાનોને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. સાત વર્ષના લાંબા ગાળા બાદ સત્તા પર આવેલી કોંગ્રેસ પાર્ટીએ આ વખતે કોઈ પણ કલંકિત પ્રધાનોને હજુ સુધી તક આપી નથી. મુખ્યમંત્રી તરીકે શપથ લીધા બાદ સિદ્ધારામૈયાએ આજે પ્રધાન મંડળનું વિસ્તરણ કર્યુ હતુ.

બેલ્લારી શહેરમાંથી ચૂંટાઈ આવેલા માઈન સમ્રાટ અને રાજ્યસભાના સભ્ય અનિલ લાડ, કર્ણાટક કોંગ્રેસ સમિતીના ભૂતપૂર્વ કારોબારી સભ્ય ડીકેસિંહ કુમાર અને આર રોશન બેગ કેબિનેટમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ ગયા છે. આ ઉપરાંત અન્ય કેટલાક લોબી ચલાવી રહેલા સભ્યો પણ કેબિનેટમાં સ્થાન મેળવી શક્યા નથી. કલંકિત પ્રધાનોને આ વખતે પ્રધાન મંડળમાં સામેલ કરવામાં આવશે નહીં તેવી ગણતરી કોંગ્રેસ દ્વારા પહેલાથી જ કરવામાં આવી છે. જો કે અનિલના સંબંધી સંતોષ લાડ મંત્રાલયમાં સ્થાન મેળવી શક્યા છે. ૨૦ સભ્યોએ કેબિનેટ પ્રધાન તરીકેના શપથ લીધા હતા જ્યારે બાકીના આઠ પ્રધાનોએ રાજ્ય કક્ષાના પ્રધાન તરીકે શપથ લીધા હતા. મુખ્યમંત્રી સિદ્ધારામૈયા અને કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ સમિતીના પ્રમુખ જી પરમેશ્વરની હાજરીમાં રાજભવન ખાતે ગ્લાસ હાઉસમાં આયોજિત કાર્યક્રમમાં રાજ્યપાલે તમામને હોદ્દા અને ગુપ્તતાતના શપથ લેવડાવ્યા હતા. પરમેશ્વરાને નાયબ મુખ્યમંત્રી બનાવવાની હિલચાલ ચાલી રહી હતી પરંતુ તેમની હિલચાલ તરફ ધ્યાન અપાયુ નથી. કેબિનેટ પ્રધાન તરીકે શપથ લેનારમાં વી શ્રીનિવાસ પ્રસાદ અને એચ અમ્બરિશનો સમાવેશ થાય છે. અમ્બરિશ અભિનેતામાંથી રાજકારણી બન્યા છે. ફિલ્મ અભિનેત્રી ઉમાશ્રી મંત્રાલયમાં એક માત્ર મહિલા સભ્યો છે. કર્ણાટકમાં હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે શાનદાર દેખાવ કરીને સાત વર્ષના લાંબા ગાળા બાદ સત્તામાં વાપસી કરી છે.

# શ્રીસંત, ચંડિલા અને અંકિતની ફરીથી પુછપરછ

## શ્રીસંત જ્યાં રોકાયો હતો તે ફાઈવસ્ટાર હોટલમાં દરોડા પાડી લેપટોપ અને અન્ય જરૂરી ચીજો કબજે : ફિક્સીંગ મામલે દેશમાં દરોડા-તપાસનો દોર

નવી દિલ્હી,તા. ૧૮

આઈપીએલમાં સ્પોટ ફિક્સીંગના મામલો સપાટી ઉપર આવ્યા બાદ વધુ ખેલાડીઓ ઉપર પણ તવાઈ દેખાઈ રહી છે. આવનાર દિવસોમાં વધુ કેટલાક ખેલાડીઓના નામ ખુલે તેવી શક્યતા છે. દરોડા પાડવાનો સિલસિલો યથાવત્ રીતે જારી રાખવામાં આવ્યો છે. વધુ ટીમો અને ખેલાડીઓને સંકંજામાં લેવા પોલીસે કમર કસી લીધી છે.સ્પોટ ફિક્સીંગ બદલ ઝડાયેલા રાજસ્થાન રોયલ્સના ત્રણ ખેલાડીઓ શ્રીસંત, અજીત ચંડિલા અને અંકિત



ચૌહાણની ફરીવાર પુછપરછ કરવામાં આવી છે. બીજી બાજુ મુંબઈ પોલીસે આજે શ્રીસંત જ્યાં રોકાયો હતો તે ફાઈવસ્ટાર હોટલમાં દરોડા પાડ્યા હતા. શ્રીસંતના લેપટોપને કબજામાં લઈને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. વધુ વિગતની રાહ જોવામાં આવી રહી છે. ફરિદાબાદમાં અજીત ચંડિલાના આવાસ પર પણ તપાસ કરવામાં આવી હતી. દિલ્હી પોલીસે વધુ તપાસ માટે અમદાવાદ, કોલકાતા, મુંબઈ, હૈદરાબાદમાં અધિકારીઓ મોકલવામાં આવ્યા છે. ત્રણેય ક્રિકેટરોને એક સાથે રાખીને પુછપરછ શરૂ થઈ છે. સ્પોટ ફિક્સીંગ કૌભાંડને લઈને દેશભરમાં ખળભળાટ મચી ગયો છે ત્યારે આ કાવતરું વધુ ઘેરું બની રહ્યું છે. રાજસ્થાન ટીમના ત્રણ ખેલાડી એસ શ્રીસંત, અજીત ચંડીલા અને અંકિત ચૌહાણની પૂછપરછ કરવામાં આવ્યા બાદ દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલના અધિકારીઓ માની રહ્યા છે કે આઈપીએલ ખેલાડીઓને આવરી લેતા આ નેટવર્કની જાળ ખૂબ મોટી હોઈ શકે છે. હજુ સુધી આ ત્રણ ખેલાડીઓ ઉપરાંત ૧૧ સટોડીયાઓની પણ ધરપકડ કરવામાં આવી ચૂકી છે. એવી શંકા છે કે ફિક્સીંગ કૌભાંડ આ વર્ષની આઈપીએલ સુધી જ મર્યાદિત નથી. ગયા વર્ષની આઈપીએલ સિઝનમાં પણ આ પ્રવૃત્તિ થઈ હોવાનું જાણવા મળ્યું છે. ફિક્સીંગ કારોબાર માત્ર રાજસ્થાન રોયલ્સ સુધી જ મર્યાદિત નથી. અન્ય ટીમોમાં અન્ય ખેલાડીઓના નામ પણ તપાસ દરમિયાન ઊભરી ચૂક્યા છે. ટૂંકમાં જ નામ જાહેર કરવામાં આવી શકે છે. પૂરાવા હાલમાં એકત્રિત કરવામાં આવી રહ્યા છે. સમગ્ર મેચો ફિક્સ કરવામાં આવી હોવાનું પણ આશંકા છે. ચંડીલા અને બુકી વચ્ચે ફોન પર થયેલી વાતચીતમાં ઊંડી તપાસ હાથ ધરાતા છેલ્લી સિઝનની આઈપીએલમાં તપાસ હાથ ધરાઈ છે. ચંડીલાનું કહેવું છે કે અરે યાર યે તો પિછલે સાલ ભી હુઆ થા, ક્યાં હુઆ કર લેગે હિસાબ પિછલે સાલ અથવા તો ગયા વર્ષે સંકેત આપે છે કે ચંડીલાએ આઈપીએલ-૫માં પણ ફિક્સીંગમાં સંડોવણી દર્શાવી હતી. આ બધી બાબતો મળ્યા બાદ દિલ્હી પોલીસે ગયા સિઝનની ઘણી મેચોને આવરી લઈને તપાસ હાથ ધરી છે જેમાં રાજસ્થાન રોયલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સની મેચનો પણ સમાવેશ થાય છે. એવી શંકા છે કે ખેલાડીમાંથી બુકી બનેલા અમિતસિંહે પૂછપરછ દરમિયાન દાવો કર્યો છે કે મેચો ફિક્સ કરવામાં આવી હતી. રાજસ્થાન રોયલ્સની તમામ ૧૫ મેચોમાં હવે તપાસ હાથ ધરવામાં આવી ચૂકી છે. દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલના એક ટોચના અધિકારીનું કહેવું છે કે આ ધરપકડ દરમિયાન ત્રણ વધુ ખેલાડીઓના નામ પણ આવ્યા હતા. અન્ય એક બુકી ચંદ્રેશ ઉર્ફે ચાંદ, ચંડીલા અને અમિતસિંહે પૂછપરછ કારો સમક્ષ કહ્યું છે કે આ વર્ષે છઠી અને આઠમી એપ્રિલના દિવસે ગુડગાંવની એક હોટલમાં બે પાર્ટીનું આયોજન કરાયું હતું જેમાં બુકીઓએ કેટલાક આઈપીએલ ખેલાડીઓને આમંત્રણ આપ્યા હતા.

# મનમોહનસિંહ દ્વિપક્ષીય મુદ્દા પર ઓબામા સાથે ચર્ચા કરશે

## આ વર્ષમાં અમેરિકાની ઐતિહાસિક યાત્રા કરશે : ટૂંકમાં તારીખની જાહેરાત : સંબંધો વધુ મજબૂત કરવા માટે હેતુ

નવી દિલ્હી,તા. ૧૮

અમેરિકાના પ્રમુખ બરાક



ઓબામાએ વડાપ્રધાન મનમોહનસિંહની દ્વીપક્ષીય મિટીંગ માટે આમંત્રણ આપ્યું છે. મનમોહનસિંહ આ વર્ષમાં જ અમેરિકાની મુલાકાત લે તેવી શક્યતા દેખાઈ રહી છે. ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો જ્યારે તાજેતરના સમયમાં આંશિક રીતે નબળા પડ્યા છે ત્યારે ઓબામાએ આ વર્ષે દ્વિપક્ષીય મિટીંગ માટે સિંહને આમંત્રણ આપ્યું છે. વોશિંગ્ટનમાં સૂત્રોએ આ અહેવાલને સમર્થન આપ્યું છે. મનમોહનસિંહે આ આમંત્રણને સ્વીકારી લીધું છે અને યાત્રા માટેની તારીખ ટૂંકમાં જ નક્કી કરવામાં આવે તેવી શક્યતા છે. ભારતે પણ આના માટે કેટલીક તારીખો સૂચવી છે. યુએનજીએ માટે મનમોહનસિંહ અમેરિકા જશે ત્યારે જ આ મિટીંગ યોજાય તેવું સૂચન ભારત દ્વારા કરવામાં આવ્યું છે પરંતુ બંને પક્ષો સપ્ટેમ્બર અથવા ડિસેમ્બર વચ્ચે બંને દેશોને પારસ્પરિક રીતે લાગુ પડે તેવા સમયે આ મિટીંગ ગોઠવવા ઈચ્છુક છે. મનમોહનસિંહને આમંત્રણ એવા સમયે આપવામાં આવ્યું છે જ્યારે ભારતના પરમાણુ જવાબદારી કાયદાના સંબંધમાં નાગરિક પરમાણુ સહકાર મામલે મડાગાંઠની સ્થિતિ સર્જાઈ છે. અમેરિકાના નાયબ વિદેશ સચિવ વિલિયમ બન્સ દ્વારા સૌથી પહેલા સિંહ સાથે મિટીંગ માટે ઓબામાની ઈચ્છા અંગે ભારતીય સત્તાવારાઓ સાથે વાત કરવામાં આવી હતી. દિલ્હીની તાજેતરની તેમની યાત્રા દરમિયાન આ વાતચીત થઈ હતી. આ વાતચીત બાદ વિધિવત આમંત્રણ અપાયું હતું. સૂત્રોનું કહેવું છે કે ઓબામા અને સિંહ વાતચીત દરમિયાન બંને દેશો વચ્ચે તમામ ચાવીરૂપ દ્વિપક્ષીય મુદ્દાઓની સમીક્ષા કરશે જેમાં આતંકવાદ વિરોધી પગલાં, અફઘાનિસ્તાન, નાગરિક પરમાણુ પહેલ, સરંક્ષણ, અંતરિક્ષ સહકાર અને શિક્ષણનો સમાવેશ થાય છે.

અફઘાનિસ્તાન એક એવો મુદ્દો છે જેમાં ભારતને ચોક્કસ વાંધા છે. આગામી વર્ષ સુધી અમેરિકાના સૈનિકોને પરત ખેંચી લેવાના મુદ્દે પણ વિખવાદની સ્થિતિ રહેલી છે. અમેરિકાએ વારંવાર આર્થિક પ્રવૃત્તિઓને આગળ વધારવા બદલ ભારતની પ્રશંસા કરી છે. દેશમાં ખાનગી ક્ષેત્રમાં રોકાણની પણ પ્રશંસા થઈ છે પરંતુ નવી દિલ્હી દ્વારા સમાધાનની પ્રક્રિયામાં અફઘાનિ તાલીબાન અને અન્યોને વ્યસ્ત રાખવાની નીતિ ઉપર ભારતની નજર છે. વિવાદાસ્પદ એચવન-બી વિઝાના મુદ્દે પણ વાતચીત કરવામાં આવે તેવી શક્યતા છે.

ભારતીય આઈટી કંપનીઓના હિતો સામે એચવન-બી વિઝા ધારા ધોરણનો મુદ્દો પણ ચમકી રહ્યો છે. વિદેશ પ્રધાન સલમાન ખુરશીદ કહી ચૂક્યા છે કે મુસદા બિલ દ્વિપક્ષીય સંબંધો માટે વધારે યોગ્ય રહેશે નહીં. મનમોહનસિંહ સાથે તેમની બીજી અવધીમાં ઓબામાની આ પ્રથમ દ્વિપક્ષીય મિટીંગ હશે.

# ૫૧ ફોન અને ૫ લેપટોપમાં ૧૦૦ બુકી, ક્રિકેટરના નામ

## જયપુર પોલીસે દરોડા દરમિયાન ૨૫૦ મોબાઈલ ફોન, કેટલાક લેપટોપ અને અન્ય વસ્તુઓ કબજે કરી લીધી

નવી દિલ્હી,તા. ૧૮

આઈપીએલમાં સ્પોટ ફિક્સીંગને લઈને ઊંડી તપાસ કરવામાં આવી રહી છે. માત્ર દિલ્હી પોલીસ નહીં બલ્કે અન્ય રાજ્યની પોલીસ પણ સક્રિય થઈ ગઈ છે. મળેલી માહિતી મુજબ સ્પેશિયલ સેલની ટીમો દ્વારા કેટલાક ખેલાડીઓ અને બુકીઓની પ્રવૃત્તિઓ ઉપર પણ હાલ નજર રાખી રહી છે. પોલીસ દ્વારા કબજે કરવામાં આવેલા પાંચ લેપટોપ અને ૫૧ મોબાઈલ ફોનમાં કેટલાક ખેલાડીઓ અને ૧૦૦થી વધુ બુકીઓના નામ ખુલી રહ્યા છે. સ્પોટ ફિક્સીંગ નેટવર્કનો પર્દાફાશ કરવા દિલ્હી પોલીસે આ સમગ્ર ઓપરેશનનું નામ ઓપરેશન યુ ટન રાખ્યુંહતું અને આમા સફળતા પણ મળી છે. દિલ્હી પોલીસ સાથે કબજે કરવામાં આવેલા ૨૫૦ ફોન કોલની વિગતો પણ જયપુર પોલીસ આપલે કરવાની તૈયારીમાં છે. જયપુર પોલીસે પણ પોતાનીરીતે ઉંડી તપાસ ચલાવી છે. આઈપીએલ સ્પોટ ફિક્સીંગમાં ચાલી રહેલી તપાસમાં મદદરૂપ થવાના હેતુસર રોડા દરમિયાન ઘણા મોબાઈલફોન કબજે કરાયા છે. જયપુર પોલીસે ૨૫૦ ફોન કબજે કર્યા હોવાનું જાણવામળ્યુ છે. ૨૫૦ મોબાઈલ ફોન, લેપટોપ અને અન્ય વસ્તુઓ જયપુરમાંથી મળી આવી છે.

# ડર્ટી ક્રિકેટરો સામે ફોજદારી ફરિયાદ થવાની પણ શક્યતા

## સ્પોટ ફિક્સીંગ મામલે આજે બોર્ડની બેઠક : જો પરવાનગી મળશે તો ખેલાડીઓ સામે ફોજદારી કેસ દાખલ કરવામાં ખચકાશું નહીં : આજે બેઠકમાં ચર્ચા થશે

નવી દિલ્હી,તા. ૧૭

સ્પોટ ફિક્સીંગના અહેવાલ બાદ એક બાજુ ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ હચમચી ઉઠ્યુ છે. બીજી બાજુ આ ખરડાયેલી પ્રતિષ્ઠાને સુધારવાના પ્રયાસો હાથ ધરાયા છે જેના ભાગરૂપે બીસીસીઆઈમાં મિટિંગોનો દોર ચાલી રહ્યો છે. આઈપીએલ સ્પોટ ફિક્સીંગ કૌભાંડ બાદ બીસીસીઆઈના પ્રમુખ એનશ્રીનિવાસને ધરપકડ કરવામાં આવેલા ડર્ટી ક્રિકેટરો સામે ફોજદારી ફરિયાદ દાખલ કરવાનો ઈન્કાર કર્યો નથી. બીસીસીઆઈ ધરપકડ કરવામાં આવેલા ખેલાડીઓ સામે કેસ દાખલ કરશે કે કેમ તે અંગે પુછવામાં આવતા શ્રીનિવાસને કહ્યુ હતુ કે જો પરવાનગી આપવામાં આવશે તો તેમની સામે કેસ દાખલ કરવામાં આવશે. શ્રીનિવાસને એક અગ્રાણી ટીવી ચેનલ પર રજુ થતા ડેવિલ એડ્વોકેટ નામના કાર્યક્રમમાં કહ્યુ હતુ કે જે બાબત સૌથી વધારે હેરાન કરી રહી છે તે એ છે કે ખેલાડીઓ માટે કોઈ પણ સજા વધારે નથી. દરમિયાન ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે આજે કહ્યુ હતુ કે ઈન્ડિયન પ્રિમિયર લીગમાં સ્પોટ ફિક્સીંગના મામલા બાદ રવિવારના દિવસે ઈમરજન્સી મિટિંગ યોજશે જેમાં હાલમાં ઉભી થયેલી પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવશે. બીસીસીઆઈના સચીવ સંજય જગદલેએ કહ્યુ છે કે આ ઈમરજન્સી બેઠકમાં કારોબારીના તમામ સભ્યો ઉપસ્થિત રહેશે. બેઠકમાં મુખ્યમુદ્દો સ્પોટ ફિક્સીંગના કારણે ધરપકડ કરવામાં આવેલા ત્રણ ખેલાડીઓ રહેશે. તેના ભાવિ અંગે નિર્ણય લેવામાં આવશે. ફિક્સીંગના કારણો પર પણ વિચારણા કરવામાં આવશે. બીસીસીઆઈએ કબૂલાત કરી છે કે આ મામલામાં અમદાવાદમાંથી ધરપકડ કરવામાં આવેલા અમિતકુમારનું નામ આવ્યુ છે જે ગુજરાતનો પૂર્વ ખેલાડી છે. બીસીસીઆઈએ પ્રથમ વખત સત્તાવારરીતે આની કબૂલાત કરી છે. અમિતને તપાસ પુરી ન થાય ત્યાં સુધી તમામ પ્રકારના ક્રિકેટથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે. દરમિયાન દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા સમગ્ર મામલામાં ઉંડી તપાસ હજુ પણ ચાલી રહી છે જેમાં કેટલીક નવી બાબતો સપાટી પર આવે તેવી વકી છે. આવતીકાલે યોજાનારી ઈમરજન્સી મિટિંગમાં બીસીસીઆઈ પ્રમુખ એન શ્રીનિવાસન, આઈપીએલ ચેરમેન રાજીવ શુક્લા પણ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત બોર્ડના ભ્રષ્ટાચાર વિરોધી યુનિટના વડા રવિ સવાની પણ હાજર રહેશે.

# માછિલ સેક્ટર સાથે જોડાયેલ અંકુશ રેખા પર ઘૂસણખોરીનો ફરીથી પ્રયાસ

## જમ્મુ કાશ્મીરમાં ઘૂસણખોરીના પ્રયાસોમાં વધારો : ત્રાસવાદીઓ અને સેનાના જવાનોની વચ્ચે ગોળીબારની રમઝટ જામી : આતંકવાદીઓ હથિયાર મૂકીને અંતે ફરાર

શ્રીનગર,તા. ૧૮

ઉત્તર કાશ્મીરના કુપવાડા જિલ્લામાં સ્થિત માછિલ સેક્ટર સાથે જોડાયેલા વિસ્તારમાં ભારતીય સેનાએ ઘૂસણખોરીના એક મોટા પ્રયાસને નિષ્ફળ બનાવી દીધો હતો. અલબત્ત આ ઓપરેશનના ભાગરૂપે એક જુનિયર કમિશન્ડ ઓફિસર શહિદ થયા હતા જ્યારે અન્ય એક જવાનને ઈજા થઈ હતી. માછિલ સેક્ટરમાં આતંકવાદીઓ દ્વારા આ ઘૂસણખોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સેનાના પ્રવક્તાએ કહ્યુ છે કે ૫૬ રાષ્ટ્રીય રાઈફલના જવાનોએ માછિલ સેક્ટરમાં વહેલી પરોઢે ત્રણ વાગ્યાની આસપાસ એલઓસી પર બેથી ચાર લોકોની હિલચાલ નિહાળી હતી ત્યારબાદ સેનાએ આ તમામ લોકોને શરણાગતિ સ્વીકારી લેવા પડકાર ફેંક્યો હતો. પરંતુ શરણાગતિ સ્વીકારવાના બદલે આ લોકોએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો. પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાંથી ખીણમાં ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા આતંકવાદીઓએ ડિંગેરી પોસ્ટ સહિત સેનાની ચોટીઓ પર ગોળીબાર કર્યો હતો. આ ગોળીબારમાં અરૂણ કુમાર તરીકે ઓળખાયેલા જેસીઓ સહિત થયા હતા. જ્યારે એક જવાન સોલંકી રાજુને ઈજા થઈ હતી. સેનાના જવાનોએ જવાબમાં ગોળીબાર કરતા આતંકવાદીઓ પરત ભાગી ગયા હતા. આ આતંકવાદીઓ જરૂરી હથિયારો મુકીને ફરાર થયા હતા. ઘટનાસ્થળથી એકે રાઈફલ, અન્ય ઘાતક હથિયારો અને મોતનો મસાલો કબજે કર્યો હતો. કલાકો સુધી બને પક્ષો વચ્ચે ગોળીબારની રમઝટ જામી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે હાલના દિવસોમાં આતંકવાદીઓ ફરી એકવાર ઘૂસણખોરીના પ્રયાસો વધારી દીધા છે. આતંકવાદીઓ જમ્મુ કાશ્મીરમાં આતંક મચાવવાનો હેતુ ધરાવે છે આ જ કારણસર વારંવાર સરહદ પર ગોળીબાર કરવામાં આવે છે. જમ્મુ કાશ્મીરમાં સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે ત્યારે આતંકવાદીઓ તેમની હાજરી પુરવાર કરવાના હેતુસર વારંવાર ઘૂસણખોરીના પ્રયાસ કરી રહ્યા છે. જો કે સેના અને સુરક્ષા જવાનોની ચાંપતી નજરના કારણે ત્રાસવાદીઓને સફળતા મળી રહી નથી.

### પૂર્વ પ્રમુખ મુશર્રફની હવે જ્યુડિશિયલ કસ્ટડી ૧૪ દિવસ વધી

ઈસ્લામાબાદ,તા. ૧૮

પાકિસ્તાનની એક આતંકવાદી વિરોધી અદાલતે વર્ષ ૨૦૦૭માં ઈમરજન્સી દરમિયાન ન્યાયધીશોને કસ્ટડીમાં લઈ લેવાના મામલામાં ભૂતપૂર્વ પ્રમુખ પરવેઝ મુશર્રફની જ્યુડીશિયલ કસ્ટડીની અવધિ ૧૪ દિવસ સુધી વધારી દીધી છે. આની સાથે જ મુશર્રફની મુશ્કેલીઓનો વધારો થઈ રહ્યો છે. આતંકવાદ વિરોધી કોર્ટના ન્યાયધીશ સૈયદ કૌશર અબ્બાસ જેદીએ મુશર્રફના વકીલોની એવી અપીલને સ્વીકારી લીધી હતી કે તેમને આજે વ્યક્તિગત રીતે ઉપસ્થિત નહીં થવાની મંજુરી આપવામાં આવે. ૬૯ વર્ષીય મુશર્રફને સુરક્ષાના કારણોસર કોર્ટમાં રજુ કરવામાં આવ્યા ન હતા. મોડેથી કોર્ટે આ મામલાની સુનાવણી પહેલી જુન સુધી મોકુફ કરી દીધી હતી.

મુશર્રફને ભૂતપૂર્વ વડાપ્રધાન બેનેઝીર ફુટ્ટોની હત્યાના મામલા ઉપરાંત અન્ય એક લશ્કરી ઓપેરશનમાં બલુચિસ્તાના નેતા અકબર બુગુટીની હત્યાના મામલામાં પણ પકડી લેવામાં આવ્યા હતા. ભૂતપૂર્વ પ્રમુખને માર્ચ મહિનાથી જ અપમાનિત સ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે.

# અમેરિકામાં બે યાત્રી ટ્રેનો ટકરાતા ૬૦ લોકો ઘાયલ

## મેટ્રો નોર્થની ટ્રેન ન્યૂહેવનથી ન્યૂયોર્ક શહેર તરફ જઈ રહી હતી ત્યારે ખડી પડ્યા બાદ અન્ય ટ્રેન સાથે અથડાઈ ગઈ

ન્યૂયોર્ક,તા. ૧૮

અમેરિકાના દક્ષિણ પશ્ચિમ કનેકટીકટ રાજ્યમાં અતિ વ્યસ્ત સમયમાં સામેથી આવી રહેલી બે યાત્રી ટ્રેનો વચ્ચે થયેલી ટક્કરમાં ૬૦ લોકો ઘાયલ થયા છે જે પૈકી અનેકની હાલત ગંભીર બનેલી છે. આ ઘટનાથી બોસ્ટ અને ન્યૂયોર્ક વચ્ચે મુખ્ય ટ્રેન સેવા ખોરવાઈ ગઈ હતી. અધિકારીઓએ કહ્યુ છે કે મેટ્રો નોર્થની એક ટ્રેન ન્યૂ હેવનથી ન્યૂયોર્ક શહેર જઈ રહી હતી ત્યારે સાંજે ૬.૧૦ વાગ્યે પાટા પરથી ખડી પડી હતી અને અન્ય એક ટ્રેન સાથે ટકરાઈ ગઈ હતી. એક અગ્રણી ટીવી ચેનલે માહિતી આપતા કહ્યુ છે કે આ બનાવથી બીજી ટ્રેન પર કેટલાક ડબાઓ ચઢી ગયા હતા. કનેક્ટીકટના ગવર્નર ડેનેલ મેલોયનું કહેવું છે કે ઘાયલ થયેલા પાંચ લોકોની હાલત ગંભીર જણાવવામાં આવી છે. મેલોયનું એમ પણ કહેવું છે કે નેશનલ ટ્રાન્સપોર્ટ સેફ્ટી બોર્ડ સમગ્ર ઘટનામાં તપાસ કરશે અને આની ટીમ રવિવાર સવાર સુધી પહોંચશે. ગવર્નરે એમ પણ કહ્યુ છે કે આ બનાવથી સમગ્ર અમેરિકામાં ભારે ખળભળાટ મચી ગયો હતો. બનાવ બન્યા બાદ સાવચેતીના પગલારૂપે આ રેલવે માર્ગ પર વિજળી કાપી નાંખવામાં આવી હતી તથા રેલ સેવા બંધ કરી દેવામાં આવી હતી. બ્રિજપોર્ટના મેયર બિલફિંચે કહ્યુ છે કે આ ઘટનાના કારણે એક સપ્તાહ સુધી ટ્રેન સેવાને માઠી અસર થશે. અહીં રેલવે પુલને વ્યવસ્થિત કરવાની કામગીરી ચાલી રહી હતી આ જ કારણસર કનેક્ટીકટના બ્રિજ પોર્ટથી ન્યૂયોર્ક જતી ટ્રેનોને હવે તકલીફ થશે.

# ટ્રેનોમાં ૨૦૦ નવી બાયો ટોઈલેટની ગોઠવણી થશે

હૈદરાબાદ,તા. ૧૮

રાજ્યના ટ્રેક અને રેલવે સ્ટેશન પર વધારે સ્વચ્છતા જાળવી રાખવાના પ્રયાસ પર સાઉથ સેન્ટ્રલ રેલવે દ્વારા ૨૦૦ નવી બાયો ટોઈલેટની વ્યવસ્થાની યોજના બનાવી લીધી છે. પર્યાવરણ લક્ષી બાયો ટોઈલેટ સાથે ટ્રેનમો ડિસ્પોઝલ સિસ્ટમ ગોઠવવાની તૈયારી રેલવે દ્વારા હાથ ધરવામાં આવી છે. રેલવે રિસર્ચ એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઈઝેશન (આરડીએસઓ) તથા ડિફેન્સ રિસર્ચ ડેવલોપમેન્ટ દ્વારા સંયુક્તરીતે આ સાહસની શરૂઆત કરવામાં આવી છે. આ જાન્યુઆરીથી સાઉથ સેન્ટ્રલ રેલવે દ્વારા બે ટ્રેનોમાં ૪૮ બાયો ટોઈલેટની વ્યવસ્થા કરી હતી જેમાં કંચે ગુડા બેંગ્લોર એક્સપ્રેસ અને હુસૈન નગર હૈદરાબાદ-મુંબઈ એક્સપ્રેસમાં આ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ કામથી સંતુષ્ઠ થયેલા સત્તાવાળાઓએ હવે પદ્માવતી એક્સપ્રેસ, અજંથા એક્સપ્રેસ અને હુસૈન નગર એક્સપ્રેસમાં તમામ કોચમાં બાયો ટોઈલેટની વ્યવસ્થા ગોઠવી છે. બાયો ટોઈલેટમાં છ ઘટકો હોય છે. યુનિટ ખર્ચ ૮૦૦૦૦ની આસપાસનો આરવામાં આવ્યો છે. એસસીઆરે ૨૦૦ ટોઈલેટ પૈકીની ૮૦ ટોઈલેટો મેળવી લીધી છે જે આગામી ત્રણ મહિનાની અંદર ટ્રેનોમાં ગોઠવવામાં આવશે.

# ચીટ ફંડ એક્ટ નાબૂદ કરવાની હિલચાલ શરૂ થયાના અહેવાલ

નવી દિલ્હી,તા. ૧૮

સંસદની નાણાં અંગેની સ્થાઈ સમીતિ ટૂંક સમયમાં ચીટ ફંડ એક્ટ ૧૯૮૨ને રદ કરવા માટેની ભલામણ કરે તેવી શક્યતા છે. આના માટે કેટલાક કારણો પણ આપવમાં આવે તેમ માનવામાં આવે છે. શારદા પ્રકારના કૌભાંડને રોકવાના હેતુસર ધારાધોરણમાં મોટાપાયે ફેરફાર થવાની શક્યતા દેખાઈ રહી છે જેથી ચીટ ફંડ એક્ટને નાબૂદ કરવાની વાત કરવામાં આવે તેવી શક્યતા છે. શેરબજારના અધિકારીઓ, ટેક્સ વિભાગના અધિકારીઓ અને નાણાં વિભાગના અધિકારીઓ સાથે વાતચીત કર્યા બાદ અને તેમના સલાહ સૂચનોને ધ્યાનમાં લીધા બાદ કમીટિના ચેરમેન યશવંતસિંહાએ ચીટ ફંડ એક્ટને નાબૂદ કરવાની હિલચાલ હાથ ધરી હોવાના અહેવાલ મળ્યા છે. સિંહાની સાથે સાથે આ કમીટિના અન્ય સભ્યોમાં સીપીઆઈના ગુરદાસદાસ ગુપ્તા પણ છે. આ તમામ લોકો માને છે કે ચીટ ફંડથી લોકોને રોકવા માટે આ કાયદાને નાબૂદ કરી દેવાની જરૂર છે. કોંગ્રેસના સંજય નિરુપમનું કહેવુંછે કે તાજેતરના સમયમાં નાણાંકીય સંશાધનો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. આર્થિક બાબતોના સેક્રેટરી અરવિંદ માયારામ જેવા વરિષ્ઠ અધિકારીઓ ઘણા બધા રેગ્યુલેટર્સની સમસ્યા તરફ ધ્યાન દોરી ચૂક્યા છે.

સાથે સાથે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંકલનના અભાવનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો છે.

# સમાચાર ઝલક

- અમદાવાદમાં સટ્ટાકિંગને ત્યાં છાપામારો, મહેસાણામાં પણ દરોડા.
- રાજકોટમાં પત્નીની હત્યા કરનાર આરોપીએ જેલમાં આત્મહત્યા કરી.
- સી.બી.આઇ.ની તપાસ કરનાર કર્મચારી ૭ લાખ રૂપિયાની લાંચ લેતાં ઝડપાયો.
- રાજસ્થાન બંધનો મિશ્ર પ્રતિસાદ, ગુલાબદાસ કટારિયાના સમર્થનમાં બંધનું એલાન હતું...
- અમદાવાદમાં ૨૩,૫૦૦ કિલો કેરીનો નાશ કરાયો. આરોગ્ય ખાતાની ધમધમાટ.
- વડોદરાના નિઝામપુરામાં પાર્ટી પ્લોટમાં આગ લાગતાં નાસભાસ.
- વડોદરાની તોષા ઠક્કરની ઓસ્ટ્રેલિયામાં હત્યા કરનારા ને ૪૫ વર્ષની કેદ.
- સંજયદત્ત ને યરવડા જેલમાં શીફ્ટ કરાશે.
- પોલીસ કર્મચારી મહિલાને ફોનથી હેરાન કરતા ગ્રામજનોએ પોલીસને સખત ધોલાઇ કરી, પોલીસવાન સળગાવી.
- દહેરાદૂનમાં નશાની હાલતમાં યુવતીએ બે વ્યક્તિઓને અડફેટે લીધી.
- મુંબઇ હવાઇ મથકે કરોડોની ડ્રગ્સ સાથે મહિલા ઝડપાઇ.
- દિલ્હીમાં પ્લાસ્ટિક ફેક્ટરીમાં ભીષણ આગ, માલસામાન ભસ્મીભૂત.
- ઇરાકની મસ્જિદમાં બોમ્બ વિસ્ફોટથી ૭૬ વ્યક્તિઓનાં મોત.
- વિશ્વના બજારોમાં ભારતનું રેટીંગ ઘટશે.
- ફિલ્મ અભિનેતા ગોવિંદાએ બેટી માટે પૂજાઅર્જના કરાવી.
- અમદાવાદની કોર્ટમાં સસરા-જમાઇ વચ્ચે ઠિસૂમ-ઠિસૂમ, પોલીસે કાર્યવાહી કરી.
- મેચ ફિક્સીંગથી ગુજરાતમાં ગૃહખાતું એલર્ટ, ગુજરાતભરમાં દરોડાઓ.
- પાકિસ્તાને જેલમાંથી ૪૫ માછીમારોને માનવતાની દૃષ્ટિએ મુક્ત કર્યા.